બિનસરકારી માધ્યમિક/ઉચ્ચ
માધ્યમિક શાળા તથા બિન-સરકારી
અધ્યાપન મંદિરોના કર્મચારીઓની જન્મ
તારીખ નક્કી કરવા અંગેની સૂચનાઓ.
-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

ગુ જ રા ત  સ ર કા ર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ભમશ/૧૨૮૭/૪૪૨૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૬/૧/૧૯૯૧.

વંચાણમાં લીધા :- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૧/૮/'૮૯નો ઠરાવ ક્રમાંક : આરટીઆર/૧૦૮૯/૧૦૫૭/ક.

(૨) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીનો તા.૩૦/૯/૮૭નો પત્ર ક્રમાંક : ધ/પેન-૧/જનરલ/૮૭/૧૨૦૪૬, તા.૧૩/૧/૮૮નો પત્ર ક્રમાંક : ધ/પેન-૧/જનરલ/૮૭/૪૯૪ અને તા.૧૦/૬/૮૮નો પત્ર ક્રમાંક : ધ/પેન-૧/જનરલ/૮૭/૭૩૧૮.

. . .

ઠ રા વ :-

રાજ્યની બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક અને અધ્યાપન મંદિરોના કર્મચારીઓ સેવામાં દાખલ થાય ત્યારે જે તે સંસ્થા દ્વારા દસ્તાવેજો તેમજ પુરાવાઓ લક્ષમાં લઈને જન્મ તારીખના ખરાપણાની ખાતરી કરીને તેની નોંધ સેવાપોથી (Service Book) માં કરવામાં આવે છે. એકવાર સેવાપોથીમાં જન્મ તારીખની નોંધ થયા પછી પાછળથી સદરહુ કર્મચારીઓ દ્વારા સુધારો કરવા માટેની માગણીઓ ઊભી થતી હોય છે. ઘણા-ખરા કિસ્સાઓમાં આવા કર્મચારીઓ સેવામાંથી નિવૃત્ત થવાના બે-પાંચ વર્ષ બાકી હોય ત્યારે જન્મ તારીખ સુધારવા માટેની માગણીઓ કરતા જોવા મળે છે. વધુમાં દરેક જિલ્લામાં આવી બિન સરકારી સંસ્થાઓના કર્મચારીઓ વધુ વર્ષ સેવામાં રહીને લાભ લેવાના આશયથી સિવિલ કોર્ટ, માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલમાં નામદાર હાઈકોર્ટમાં ખાતાના જન્મતારીખમાં સુધારો નહીં કરવાના હુકમ સામે અપીલમાં જઈ મનાઈ હુકમ મેળવીને નોકરીમાં ચાલુ રહે છે તેના કારણે કોર્ટ કે ટ્રિબ્યુનલના કેસોની સંખ્યા પણ વધતી જાય છે. આ પરિસ્થિતિ નિવારવા રાજ્યની બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, અધ્યાપન -

(પાછળ...૨)

મંદિરો, ડી.પી.એડ., સી.પી.એડ.કોલેજ અને પ્રિ પી.ટી.સી. સંસ્થાઓના કર્મચારીઓની જન્મતારીખમાં સેવામાં દાખલ થયા પછી પાછળથી સુધારો કરવા અંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪ હેઠળ કોઈ સ્પષ્ટ જોગવાઈ ન હોઈ પ્રસ્તુત બાબતે સદરહુ કર્મચારીઓની જન્મ તારીખ નક્કી કરવા અંગે રાજ્ય સરકારના કર્મચારીઓને સામાન્ય વહિવટ વિભાગના જે હુકમો લાગુ પડે છે તે લાગુ પાડવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારની સક્રિય વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારે આમુખમાં ક્રમાંક (૧) માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગનો તારીખ : ૧૧/૮/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક : ખારટીઆર/૧૦૮૯/૧૦૫૭/ક અને તેમાં ઉલ્લેખાયેલ સામાન્ય વહીવટ વિભાગના અગાઉના સઘળા પરિપત્રો, ઠરાવો હેઠળ જન્મતારીખ નક્કી કરવા અંગેની સૂચનાઓ અક્ષરશ: રાજ્યની બિન-સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ડી.પી.એડ., સી.પી.એડ.કોલેજ અને પ્રિ પી.ટી.સી. સંસ્થાઓ અને પી.ટી.સી. અધ્યાપન મંદિરોના કર્મચારીઓને લાગુ પાડવાનું આથી સરકાર ઠરાવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બા. છ. યાદવ
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
૨. માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
૩. બધા મંત્રીશ્રીઓના, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ અને સંસદીય બાબતોના અંગત સચિવશ્રીઓ..
૪. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૬. સંયુકત ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી (૧૦-૧-૨), ઉ.મા.શિ.બોર્ડ, ગુજરાત કોલેજ કમ્પાઉન્ડ, એલિસબ્રીજ, અમદાવાદ-૬.
૭. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ..
૮. પસંદગી ફાઈલ.

એસ.કે./ટા.શા.-II.
૨૯૧૯૧/૨/-